22 માર્ગ-સલામતી : વાહનો અને માર્ગ

વિદ્યાર્થી મિત્રો, અગાઉનાં ધોરણોમાં આપણે માર્ગ-અકસ્માતો કેમ થાય છે અને તે નિવારવા આપણે સલામતીનાં શું પગલાં લેવાં જોઈએ તે ભણી ગયાં છીએ. તે ઉપરાંત, આપણે ઝિબ્રા ક્રૉસિંગ, ટ્રાફિક સિગ્નલ અને માર્ગ પર આવતા સંકેતોનો પરિચય પણ મેળવ્યો. હવે થોડાં વર્ષોમાં તમે પણ વાહન ચલાવવાને લાયક બનશો. તો ચાલો, આ પ્રકરણમાં આપણે વાહનચાલકની ફરજો અને માર્ગનો ઉપયોગ કેવી રીતે કરવો તે વિશે જાણીએ :

વાહનચાલકની ફરજ

- દરેક વાહનચાલકની ફરજ છે કે, અન્ય માર્ગ ઉપયોગકર્તાઓને અગવડ અનુભવવી પડે કે તેમની સલામતી જોખમાય તે રીતે વાહન ચલાવે નહિ.


વાહનો દ્વારા માર્ગનો ઉપયોગ

- જે વાહન ચલાવવાનું હોય તેવા વાહનનું ડ્રાઇવિંગ લાઇસન્સ ધરાવતા વ્યક્તિએ જ જાહેર માર્ગ પર વાહન ચલાવવું જોઈએ.
- બે તરફનો વાહન-વ્યવહાર ધરાવતા જાહેર માર્ગ પર વાહન સામાન્ય રીતે માર્ગની ડાબી તરફ જ ચલાવવું જોઈએ અને સામેથી આવતાં વાહનોને પોતાની જમણી તરફથી પસાર થવા દેવાં જોઈએ.
- અન્ય વાહન જ્યારે આપણા વાહનને ઓવરટેક કરી રહ્યું હોય, આગળ વળાંક હોય, ઢોળાવવાળો રસ્તો હોય કે આગળનો રસ્તો કોઈ અવરોધના કારણે સ્પષ્ટ દેખાતો ન હોય ત્યારે વાહનચાલકે ફરજિયાતપણે પોતાનું વાહન જાહેર માર્ગની ડાબી બાજુ જ ચલાવવું જોઈએ.
- કોઈ માર્ગ પર એક કરતાં વધુ લેન હોય ત્યારે ભારે વાહનો માર્ગની ડાબી બાજુ જ ચલાવવાં જોઈએ.
- 'એક તરફી' (One-Way) જાહેર કરવામાં આવેલ માર્ગ પર જે દિશામાં વાહન-વ્યવહાર પ્રતિબંધિત હોય તે દિશામાં વાહન ચલાવવું નહિ.
- ટ્રાફિકના પ્રવાહની વિરુદ્ધ દિશામાં (Wrong Side) વાહન ચલાવવું નહિ.
- જ્યારે કોઈ વાહન પાછળની તરફ (Reverse) ગતિ કરી રહ્યું હોય ત્યારે તેનાથી સલામત અંતર રાખવું અને તે પાછળની તરફની (Reverse) ગતિની ક્રિયા પૂર્ણ ન કરી લે ત્યાં સુધી તેની તરફ આગળ વધવું નહિ.

માર્ગનો અધિકાર (Right of Way)

- જ્યારે માર્ગ પર 'થોભો' (STOP)નો સંકેત પ્રદર્શિત હોય ત્યારે.





- 'થોભો' (STOP)ના સંકેત પહેલાંની આડી સ્ટૉપ-લાઇન પહેલાં થોભી જવું જોઈશે;
- સ્ટૉપ-લાઇન અંકિત ન હોય કે દેખાતી ન હોય ત્યારે 'થોભો' (STOP)ના સંકેતની તરત પહેલાં થોભી જવું જોઈએ;
- મુખ્યમાર્ગ પરના વાહન-વ્યવહારને અગ્રતા આપવાની રહેશે;
- આગળનો રસ્તો ખાલી હોય ત્યારે જ મુખ્યમાર્ગ પર સાવચેતીપૂર્વક પ્રવેશ કરવો જોઈએ.

- જ્યારે 'માર્ગ આપો' (Give Way)નો સંકેત પ્રદર્શિત હોય ત્યારે વાહનચાલક વાહન ધીમું કરશે, તે જે માર્ગ પર પ્રવેશ કરવાનો છે તે માર્ગ પરના વાહન-વ્યવહારને અગ્રતા આપશે અને પછી સાવચેતીથી આગળ વધશે.
- જ્યારે 'માર્ગ આપો' (Give Way) કે 'થોભો' (STOP)ના સંકેત પહેલાં કોઈ રાહદારી ક્રૉસિંગ ન હોય તો પણ વાહનચાલક રાહદારીઓને પ્રાધાન્ય આપશે.



- માર્ગની નજીક આવેલી કોઈ જગ્યાએથી (જેમ કે રહેણાંક વિસ્તાર કે વાણિજ્ય વિસ્તાર વગેરે) માર્ગ પર પ્રવેશતાં પહેલાં વાહનચાલકે માર્ગ પર ચાલુ વાહન-વ્યવહારને અગ્રતા આપવાની રહેશે.
- ઢાળ કે ઢોળાવવાળા માર્ગ પર તે ઢાળ કે ઢોળાવ ચડી રહેલાં વાહનોને અગ્રતા આપવાની રહેશે.
- અગ્નિશામક વાહન કે ઍમ્બ્યુલન્સ જેવાં આપાતકાલીન વાહનો પસાર થઈ રહ્યાં હોય ત્યારે વાહનચાલકને તાત્કાલિક પોતાનું વાહન તેના માર્ગમાંથી હટાવી તેને આગળ જવા માટે માર્ગ કરી આપવાનો રહેશે.

શું તમે જાણો છો ?

મોટર વાહન કાયદાની કલમ 194 (ઈ) મુજબ જો કોઈ વાહનચાલક અગ્નિશામક વાહન કે ઍમ્બ્યુલન્સ જેવાં આપાતકાલીન વાહનો પસાર થઈ રહ્યાં હોય ત્યારે પોતાનું વાહન તેના માર્ગમાંથી હટાવી તેને આગળ જવા માટે માર્ગ કરી આપે નહિ, તો તે વાહનચાલકને છ મહિના સુધીની કેદની સજા કે દસ હજાર રૂપિયાનો દંડ કે બંને સજા થઈ શકે છે. આથી, હંમેશાં આપાતકાલીન વાહનોને માર્ગ આપો અને કોઈનો જીવ બચાવવામાં મદદ કરી પરોપકારી (ગુડ સમેરિટન-Good Samaritan) બનો.


ડાબી કે જમણી તરફ વળવું, યુ ટર્ન લેવો

- વાહનચાલકે જે દિશામાં જવું હોય તે માટે અગાઉથી વિચારીને, યોગ્ય સંકેત સમયસર આપી યોગ્ય લેનમાં સલામત રીતે પહોંચીને નીચે જણાવ્યા મુજબ વળવું જોઈએ :



ડાબી તરફ વળવું


- ડાબી તરફ વળવા માંગતા વાહનચાલકે સ્પષ્ટ રીતે અને સમયસર દિશાસૂચક સંકેતથી અથવા હાથના ઈશારાથી ડાબી તરફ વળવાનો પોતાનો ઈરાદો બતાવવો જોઈએ.
- ડાબી તરફ વળતાં પહેલાં વાહનચાલકે સમયસર સૌથી ડાબી તરફની લેનમાં આવી જવું જોઈએ.
- ડાબી તરફ વળવાનો સંકેત આપ્યા પછી પોતાની ડાબી તરફ અને પાછળના વાહન-વ્યવહારને જોઈને સલામત જણાય ત્યારે જ ડાબી તરફની લેનમાં જવું જોઈએ.



જમણી તરફ વળવું

- રાહદારીઓ માર્ગ પસાર કરી રહ્યા હોય ત્યારે વાહનચાલકે વળતાં રાહદારીઓને પહેલાં અગ્રતા આપવી જોઈએ.
- જમણી તરફ વળવા માંગતા વાહનચાલકે સ્પષ્ટ રીતે અને સમયસર દિશાસૂચક સંકેતથી અથવા હાથના ઈશારાથી જમણી તરફ વળવાનો પોતાનો ઈરાદો બતાવવો જોઈએ.
- જમણી તરફ વળતાં પહેલાં વાહનચાલકે સમયસર સૌથી જમણી તરફની લેનમાં આવી જવું જોઈએ.
- જમણી તરફ વળવાનો સંકેત આપ્યા પછી પોતાની જમણી તરફ અને પાછળના વાહન-વ્યવહારને જોઈને સલામત જણાય ત્યારે જ જમણી તરફની લેનમાં આવવું જોઈએ.





- રાહદારી ક્રૉસિંગ પર વાહનચાલકે જમણે વળતાં પહેલાં રાહદારીઓને અગ્રતા આપવી જોઈએ.
- જમણી તરફ વળતી વખતે પાછળથી આવતાં વાહન-વ્યવહાર પર નજર રાખી સામેથી આવતાં વાહન-વ્યવહારને પસાર થવા દઈને સલામત જણાય ત્યારે વળવું જોઈએ.

યુ ટર્ન લેવો (Taking a 'U' turn) :



- નીચે દર્શાવેલ જગ્યાઓએ ક્યારેય યુ ટર્ન લેવો નહિ.
  - જ્યાં માર્ગ-સંકેતથી અથવા ટ્રાફિક સિગ્નલથી યુ ટર્ન પ્રતિબંધિત હોય ત્યારે;
  - વાહન-વ્યવહાર સતત ચાલુ રહેતો હોય તેવા વ્યસ્ત જાહેર માર્ગો પર;
  - મુખ્યમાર્ગ, ધોરીમાર્ગ કે એક્સપ્રેસ વે પર;
  - એક (single) કે બેવડા (double) સળંગ સફેદ કે પીળા પટ્ટાને પાર કરીને;

યુ ટર્ન કેવી રીતે લેવો :

- સામેની દિશામાંથી આવતાં વાહન-વ્યવહાર અને પોતાની બાજુના તથા પાછળથી આવતાં વાહન-વ્યવહાર પર નજર રાખીને સલામત જણાય ત્યારે જ યુ ટર્ન લેવો;
- વાહનચાલકે યુ ટર્ન લેતાં પહેલાં રાહદારીઓને અને સાઇકલ-સવારોને અગ્રતા આપવી જોઈએ.
- વાહનચાલકે સામેથી આવતાં વાહન-વ્યવહારને પસાર થઈ જવા દઈ પોતે અન્ય માટે અગવડરૂપ ન બને તે રીતે જ યુ ટર્ન લેવો જોઈએ.

ટ્રાફિક સિગ્નલની સમજ

- ટ્રાફિક નિયમન સિગ્નલને અનુસરવું તે દરેક વાહનચાલકની ફરજ છે.
- જંક્શન પર ત્રણ રંગનાં ટ્રાફિક સિગ્નલ હોય છે : લાલ, લીલું અને પીળું.
- આપણું વાહન ટ્રાફિક નિયમન સિગ્નલ નજીક પહોંચી રહ્યું હોય ત્યારે વાહનચાલક પોતાના વાહનની ગતિ ધીમી કરી નીચે જણાવ્યા મુજબ સિગ્નલને અનુસરશે.

લાલ બત્તી (Red Traffic Signal) :



- ચાર રસ્તા પર તમારા વાહનની સામે લાલ બત્તી હોય ત્યારે સ્ટૉપ-લાઇનની પહેલાં વાહન થોભાવવું.
- સ્ટૉપ-લાઇન અંકિત કરવામાં ન આવી હોય કે દેખાતી ન હોય ત્યારે રાહદારી ક્રૉસિંગ પહેલાં વાહન થોભાવવું.
- રાહદારીએ ક્રૉસિંગ ન હોય ત્યારે પ્રાથમિક ટ્રાફિક સિગ્નલ પહેલાં વાહન થોભાવી દેવું.
- લાલ બત્તી ચાલુ હોય તે વખતે ડાબી બાજુ વળવા માંગતા વાહનચાલક તેની જમણી તરફથી આવતાં વાહનો, માર્ગ ઓળંગતા રાહદારીઓ અને સાઇકલ-સવારોને અગ્રતા આપ્યા બાદ ડાબી તરફ વળી શકે છે.
- ચાર રસ્તા પર સતત લબૂક-ઝબૂક થતી લાલ બત્તી હોય ત્યારે વાહનચાલકે નીચે જણાવ્યા મુજબ આગળ વધવું :
  - સ્ટૉપ-લાઇન, તે ન હોય તો રાહદારી ક્રૉસિંગ અને તે પણ ન હોય ત્યારે પ્રાથમિક ટ્રાફિક સિગ્નલ પહેલાં વાહન થોભાવી દેવું.
  - રાહદારીઓને અને મુખ્યમાર્ગ પરના વાહન-વ્યવહારને અગ્રતા આપ્યા બાદ સલામત જણાય ત્યારે જ આગળ વાહન હાંકવું.

લીલી બત્તી (Green Traffic Signal) :



- ચાર રસ્તા પર તમારાં વાહનની સામે લીલી બત્તી હોય ત્યારે આગળનું રાહદારી ક્રૉસિંગ કે ચાર રસ્તા ખાલી હોય, તો જ વાહન આગળ ધપાવવું.
- ટ્રાફિક નિયમન સિગ્નલ દ્વારા દિશાસૂચક લીલા રંગનું તીર (Green Arrow) પણ પ્રદર્શિત થઈ રહ્યું હોય ત્યારે તે તીરની દિશામાં જ આગળ વધી શકાશે.
- ટ્રાફિક સિગ્નલ પર લીલી બત્તી થવા સમયે રાહદારી ક્રૉસિંગ પર હોય તેવા રાહદારીઓ અને ચાર રસ્તા પર અગાઉથી આવી ગયેલ વાહનોને પસાર થવાનો માર્ગ આપવો.
- ચાર રસ્તા પર સતત લબૂક-ઝબૂક થતું દિશાસૂચક લીલા રંગનું તીર પ્રદર્શિત થતું હોય ત્યારે વાહનચાલકે રાહદારીઓ, સાઇકલ-સવારો અને તે માર્ગ પર ભળી રહેલ વાહન-વ્યવહારને માર્ગનો અધિકાર આપ્યા બાદ સલામત જણાય ત્યારે તીરની દિશામાં જ વળવું.

પીળી બત્તી (Amber Traffic Light) :



- ચાર રસ્તા પર તમારાં વાહનની સામે પીળી બત્તી હોય ત્યારે સ્ટૉપ-લાઇનની પહેલાં કે તે ન હોય ત્યારે રાહદારી ક્રૉસિંગ કે પ્રાથમિક ટ્રાફિક સિગ્નલની પહેલાં વાહન થોભાવી દેવું.
- પરંતુ, જો તમારું વાહન સ્ટૉપ-લાઇન પાર કરી ગયું હોય અથવા સ્ટૉપ-લાઇનથી એટલું નજીક હોય કે અચાનક વાહન થોભાવી દેવાથી પાછળથી આવતાં વાહન સાથે અથડામણની શક્યતા હોય ત્યારે વાહન થોભાવ્યા વગર સલામત રીતે સિગ્નલ પાર કરી શકાય.
- ચાર રસ્તા પર સતત લબૂક-ઝબૂક થતી પીળી બત્તી થતી હોય ત્યારે વાહનચાલકે વાહનને ધીમું કરીને રાહદારીઓને અને ચાર રસ્તા પર અગાઉથી હાજર વાહનોને પસાર થવાનો માર્ગ આપ્યા બાદ સાવચેતીથી આગળ વધવું.

સ્વાધ્યાય

1. નીચેના પ્રશ્નનો સવિસ્તાર ઉત્તર લખો :

(1) ટ્રાફિક સિગ્નલની સમજ આપો.

2. નીચેના પ્રશ્નનો મુદ્દાસર ઉત્તર લખો :

(1) માર્ગનો અધિકારમાં સમાવિષ્ટ બાબતો જણાવો.

3. નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો :

(1) યુ ટર્ન ક્યારે ન લેવો જોઈએ ?

(2) પીળી બત્તી કઈ બાબતો સૂચવે છે ?

4. યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો :

(1) બે તરફનો વાહન-વ્યવહાર ધરાવતા જાહેર માર્ગ પર માર્ગની કઈ તરફ વાહન ચલાવવું જોઈએ ?

(A) માર્ગની ડાબી તરફ (B) માર્ગની જમણી તરફ

(C) ડ્રાઇવરની જમણી તરફ (D) જે તરફ જગ્યા હોય તે તરફ

(2) કોઈ માર્ગ પર એક કરતાં વધુ લેન હોય ત્યારે ભારે વાહન કઈ બાજુમાં ચલાવવું જોઈએ ?

(A) માર્ગની જમણી બાજુ (B) માર્ગની ડાબી બાજુ

(C) રૉંગ સાઇડ (D) જે દિશામાં વાહન-વ્યવહાર પ્રતિબંધિત હોય તે દિશામાં

(3) કેવાં વાહનોને આગળ જવા અગ્રતા આપવી ?

(A) આપાતકાલીન વાહન (B) ભારે વાહન (C) પૅસેન્જર વાહન (D) માલવાહક વાહન

(4) ડાબી તરફ જવા માંગતા વાહનચાલકે કઈ લેનમાં આવી જવું જોઈએ ?

(A) પોતાની જમણી તરફની લેનમાં (B) પોતાની ડાબી તરફની લેનમાં

(C) પોતાની સીધી લેનમાં (D) ખાલી લેનમાં